જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૨/૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૩૧૬/૧૮

**સેટેલાઇટ :** જયભાઇ પ્રફુલભાઇ રોજેસરા (ઉ.વ.૨૨)(રહે,સરીતા રેસીડેંસી પાર્ટ-૨ વી.આઇ.પી.સ્કુલ પાસે “ડી” માર્ટ રોડ નિકોલ) એ તા.૧૩/૨/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે એકાદ માસ પહેલા થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી સુભાષભાઇ પટેલે પોતાની ઓળખ કોટક મહિન્દ્રા બેંકના ક્રેડીટકાર્ડ ડિપાર્ટમેંટ ના કર્મચારી તરીકેની આપી, જયભાઇનું ક્રેડીટ કાર્ડ અંગેનુ ફોર્મ ભરાવી સહી કરાવી, ડોક્યુમેંટ મેળવી, “ટુંક સમયમા ક્રેડીટકાર્ડ મળી જશે” તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી, જયભાઇએ રજુ કરેલ ડોક્યુમેંટના આધારે બોગસ ડોક્યુમેંટ તૈયાર કરી સ્ટાન્ડર્ડ ચાર્ટ બેંકમાં રજુ કરી, જયભાઇના નામે ક્રેડીટ કાર્ડ મેળવી કાર્ડથી કુલ રૂપીયા ૩૯,૦૦૦/- મતાની ખરીદી કરી, તેમજ સ્વેપથી મેળવી લઇ, જયભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૧૭/૧૮

**નરોડા :** દિનેશભાઇ નરસિહભાઇ ગજ્જર (ઉ.વ.૩૦)(રહે,દેવઆશિષ-૧ રેસીડેન્સી હંસપુરા રેસીડેન્સીની પાછળ હંસપુરા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૧૮ સાંજના ૫/૦૦ થી તા.૧૨/૨/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની ખુલ્લી રહી ગયેલ બારીમાંથી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમમાં રાખેલ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૭,૦૦૦/- અને રોકડા રૂપીયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૧૮/૧૮**

**સરદારનગર :** મીરાબેન સેવકરામ માખીજા (રહે,શ્યામ સત્વ ફ્લેટ, નરોડા દહેગામ રોડ, પેટ્રોલ પંપ સામે નરોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૨/૧૮ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પ્રેમપ્રકાશ આશ્રમની બાજુમા રોડ ઉપર પાર્ક કરેલી પોતાની અર્ટીકા કાર ની પાછળ ની સીટ પર મુકેલ પર્સ કે જેમા બે મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૭,૦૦૦/-, સોનાના કાપ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૦૦૦/- મતા ભરેલ પર્સ ની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૩૧૯/૧૮**

**રામોલ :** ચીંતનભાઇ ઉમેશભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે,ધરતી બંગલોઝ આઇ.ઓ.સી. ત્રાગડ રોડ ચાંદખેડા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૨/૧૮ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ અર્પણ સ્કુલની બાજુમાં ઉમિયા રેસીડન્સી નજીક પોતાની સેંટ્રો ગાડી નંબર જીજે.૦૧.કે.એ.૪૩૭૯ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૧/૨/૧૮ બપોરના ૧/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**નિકોલ :** લસીબેન જીતેન્દ્રભાઇ બારોટ (રહે,શંકરપુરા વાસ નિકોલ ગામ નિકોલ) એ તા.૧૩/૨/૧૮ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૦૨/૧૮ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મહીન્દ્રા પીકપ ગાડી નંબર જીજે.૦૧.સી.વાય.૭૮૯૧ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૦/૨/૧૮ ના કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.